કેન્દ્રિય સાતમા પગારપંચની ભલામણો
અન્વયે રાજ્યના જાહેર સાહસો
બોર્ડ/નિગમના કર્મચારીઓને પગાર
સુધારણાનો લાભ આપવા બાબત.

ગુજરાત સરકાર,
નાણા વિભાગ.
ઠરાવ ક્રમાંક: પગર/૧૦૨૦૧૬/ઓ.૪૫૭/(૧૫)/પગાર એકમ(અ)
સચિવાલય, ગાંધીનગર.
તા. ૧૭/૧૦/૨૦૧૭

વંચાણમાં લીધા: (૧) નાણા વિભાગનો તા.૧૬/૮/૧૬નો ઠરાવ ક્રમાંક: પગર ૧૦૨૦૧૬ ૨ પગાર એકમ.
(૨) નાણા વિભાગનો તા.૨૭/૦૨/૨૦૦૯ નો ઠરાવ ક્રમાંક: પગર-૧૦૦૮ ૧૫ પગાર એકમ (અ)
(૩) નાણા વિભાગનો તા.૨૮ ૯-૨૦૧૭નો ઠરાવ ક્ર:પગર-૧૦૨૦૧૬-૧૧/પગાર એકમ (અ)

**આમુખ:-**

કેન્દ્રીય સાતમા પગાર પંચની ભલામણોને અનુલક્ષીને રાજ્ય સરકાર, પંચાયત સેવા અને સહાયક અનુદાન મેળવતી સંસ્થાના કર્મચારીઓને નાણા વિભાગના તા.૧૬/૦૮/૨૦૧૬ ના ઠરાવથી સુધારેલ પગાર અને પેન્શનનો લાભ આપવામાં આવેલ છે. વંચાણે લીધા ક્ર(૩) માં દર્શાવેલ નાણા વિભાગના તા.૨૮-૯-૨૦૧૭ના ઠરાવથી રાજ્ય સરકારના એવા બોર્ડ નિગમ જેમને કર્મચારીઓના પગાર ભથ્થાંના ખર્ચ માટે રાજ્ય સરકાર દ્વારા અનુદાન આપવામાં આવતું નથી તેમજ આ ખર્ચ જે તે બોર્ડ નિગમના સ્વભંડોળમાંથી કરવામાં આવે છે તેમને સાતમા પગાર પંચ મુજબ પગાર સુધારણા મંજુર કરવામાં આવેલ છે. તે સિવાયના અન્ય બોર્ડ નિગમ જેમને કર્મચારીઓના પગાર ભથ્થાના ખર્ચ પેટે રાજ્ય સરકાર દ્વારા અનુદાન આપવામાં આવે છે તેવા બોર્ડ/નિગમના કર્મચારીઓને કિસ્સાઓમાં પણ સાતમા પગાર સુધારણાનો આ લાભ આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠ રા વ:-**

રાજ્ય સરકાર પુખ્ત વિચારણા બાદ ઠરાવે છે કે, રાજ્યના એવા ૧૬ જેટલા બોર્ડ નિગમ જેના કર્મચારીઓના પગાર ભથ્થાંના ખર્ચ માટે રાજ્ય સરકાર દ્વારા અનુદાન આપવામાં આવે છે તેવા બોર્ડ નિગમના કર્મચારીઓને કેન્દ્રીય સાતમા પગાર પંચની ભલામણ મુજબના સુધારેલ પગાર માળખા મુજબના લાભ મળવાપાત્ર થશે.

રાજ્ય સરકાર હસ્તકના ઉપર મુજબના જાહેર સાહસો, બોર્ડ/ નિગમો કે જેને છઠ્ઠા પગાર પંચનો લાભ નાણા વિભાગની મંજૂરીથી આપવામાં આવેલ હોય અને પગાર બાંધણીની ઓન લાઈન પગાર બાંધણી અને ચકાસણી થયેલ હોય તેઓને જ નિયત શરતોને આધીન પગાર સુધારણાનો આ લાભ મળવાપાત્ર થશે. આ માટે જાહેર સાહસો/બોર્ડ/નિગમ દ્વારા પોતાના કારોબારી મંડળ/બોર્ડ ઓફ ડીરેક્ટરની બેઠકમાં જરૂરી ઠરાવ પસાર કરી, નાણા વિભાગના તા.૪-૭-૨૦૧૭ના પત્ર ક્ર:જનવ/૧૦૨૦૧૭/૩૮૪૯૫૬/અ થી પરિપત્રિત કરવામાં આવેલ સૂચનાઓ અનુસાર નિયત ચેકલીસ્ટ તથા નમૂનાના પત્રકોની વિગતો સહિતની, દરખાસ્ત સબંધિત વિભાગ મારફતે નાણા વિભાગની મંજુરી અર્થે અલગથી રજુ કરવાની રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(શૈલેષ વિ. પરમાર)
નાયબ સચિવ,
નાણા વિભાગ

નકલ રવાના પ્રતિશ્રી:
- નામદાર રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજ ભવન, ગાંધીનગર.

માન.મુખ્ય મંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ ૧, સચિવાલય, ગાંધીનગર.
માન.નાયબ મુખ્ય મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ ૧, સચિવાલય, ગાંધીનગર.
માન.મંત્રીશ્રીઓ/રાજ્ય કક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી,સચિવાલય, ગાંધીનગર.
માન. વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
સચિવાલયના સર્વે વિભાગો.
......ઉપરોક્ત ઠરાવની જાણ જે તે વિભાગના નિયંત્રણ હેઠળના તમામ બોર્ડ/નિગમ/જાહેર સાહસોને કરવા અને આ ઠરાવનું ચુસ્તપણે પાલન થાય તે જોવાની વિનંતી સાથે.
રાજ્ય સરકારના સર્વે જાહેર સાહસો/બોર્ડ/નિગમ/વેન્ચર કંપનીઓ
નાણા વિભાગના સર્વે અધિકારીઓ/શાખાઓ
સિસ્ટમ મેનેજરશ્રી, નાણા વિભાગ, ગાંધીનગર વેબ સાઇટ પર અપલોડ કરવા સારૂ.
સિલેક્ટ ફાઇલ, પગાર એકમ/ અ શાખા, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર

- પત્ર દ્વારા